ટોચ અગ્રતા

તાત્કાલિક

ક્રમાંક:– હિસાબી–૨/અનદ/સી.એ.રીપોર્ટ/૨૦૧૭–૧૮/ ૨૮૧૫૫-૮૦

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જીલ્લો,પાલનપુર
તારીખ:–૨૮/૦૬/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ બીન સરકારી માધ્ય./ ઉચ્ચ.માધ્ય.શાળાઓ તમામ
બનાસકાંઠા જીલ્લો.

વિષય:– સને ૨૦૧૭–૧૮ ના વર્ષના સી.એ.ઓડીટ કરાવી રીપોર્ટ આ કચેરીએ તાત્કાલિક મોકલી આપવા બાબત.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, સને ૨૦૧૭–૧૮ ના વર્ષનું નાણાંકીય વર્ષ પૂર્ણ થયેલ છે. ગ્રાન્ટ–ઈન–એઈડના નિયમોનુસાર શાળાનું સી.એ.ઓડીટ કરાવી સી.એ.ઓડીટની નકલ આ કચેરીએ મોકલી આપવાની જોગવાઈઓ કરવામાં આવેલ છે. તેમ છતાં મોટા ભાગની શાળાઓને વારંવાર સૂચનાઓ આપવા છતાં સી.એ.રીપોર્ટ આ કચેરીએ મોકલી આપવામાં વિલંબ કરે છે.

આ કચેરી ધ્વારા સને ૨૦૧૭–૧૮ ના વર્ષની ગ્રાન્ટ ગણતરીની કામગીરી તથા ૧૮–૧૯ ના વર્ષનો નિભાવગ્રાન્ટનો પ્રથમ હપ્તો તાત્કાલિક અસરથી ચુકવવાનો હોઈ તમામ શાળાઓએ આ કચેરી ધ્વારા નિયત કરાયેલ પત્રકો ઉપરાંત **આ સાથે સામેલ અંગ્રેજી ફોરમેટવાળું જે વિગત દર્શાવવામાં આવી છે તે વિગતમાં જ ૬૫ ટકાના ખર્ચની વિગતોનું હેડવાઈઝ પત્રક સી.એ.રીપોર્ટ સાથેના ખર્ચ** સાથે મળી રહે તે રીતે તૈયાર કરી રજૂ કરવા તેમજ **શાળામાં ચાલતા વર્ગો અને સરાસરી હાજરીનું વર્ગવાર પત્રક માહે જુલાઈ–૨૦૧૭ થી એપ્રિલ–૨૦૧૮** સુધીનું આ કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

જે શાળાઓના સને ૨૦૧૭–૧૮ ના વર્ષના સી.એ.ઓડીટ થઈ ગયેલ હોય તો તેની એક નકલ આ કચેરીને મોકલી આપવી તેમજ જે શાળાઓના સી.એ.ઓડીટ થયેલ ન હોય તેવી શાળાઓએ તાત્કાલિક અસરથી ૧૫ **મી જુલાઈ–૨૦૧૮ સુધીમાં સી.એ.ઓડીટ કરાવી** તેની એક નકલ આ કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

ઉપરોકત સુચનાઓનો અમલ કરવામાં નહીં આવે તો આ અંગે જે કંઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્યશ્રી/ સંચાલકમંડળની રહેશે.

આ બાબતની જાણ તમારા સંચાલક મંડળને અવશ્ય કરવાનું રાખશો.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા,પાલનપુર

નકલ સવિનય રવાના :– મે.સંયુકત શિક્ષણ નિયામકશ્રી, કમિ.શ્રી, શાળાઓની કચેરી,ગુ.રા. ગાંધીનગર તરફ જાણ સારૂ.